દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
બુધવાર ૨૪ ડિસેમ્બર, ૨૦૨૫

એપ્સ્ટેઇન પ્રકરણ અમેરિકાનું બીજું વોટરગેટ કૌભાંડ સાબિત થશે?

અમેરિકામાં હાલ એક બાબતે ખૂબ ચર્ચા ચાલી રહી છે અને તેણે વિશ્વભરનું ધ્યાન ખેંચ્યું છે અને તે છે જેફ્રી એપ્સ્ટેઇન ફાઇલ્સ. આ જેફ્રી એપ્સ્ટેઇન એક ધનવાન રોકાણકાર હતો પરંતુ સાથે સાથે એક ઐયાશ માણસ હતો. ખાસ કરીને સગીર વયની બાળકીઓ સાથેના દુરાચારો માટે કુખ્યાત હતો. તેણે અનેક ગરીબ, લાચાર છોકરીઓને પોતાની જાળમાં ફસાવી હતી અને તેમની સાથે પોતે દુષ્કૃત્યો કર્યા હતા અને પોતાના મિત્રોને પણ દુષ્કૃત્યો કરાવ્યા હતા તેવા તેના પર આરોપો હતા. આ આરોપસર તેની ધરપકડ થઇ. તેના પર કેસ દાખલ કરવામાં આવ્યો. તે જેલમાં હતો તે દરમ્યાન જ તે રહસ્યમય રીતે મરી ગયો. તેણે આપઘાત કર્યો હોવાનું સત્તાવાળાઓએ જણાવ્યું. જો કે ઘણા લોકો કહે છે તેણે આત્મહત્યા કરી નથી પણ તેને મારી નાખવામાં આવ્યો છે. તેના મોત પછી પણ આટલો બધો હોબાળો તેના માટે એટલે મચી રહ્યો છે કે તેને ઘણા મોટા લોકો સાથે સંબંધો હતા. અને પોતાના મકાનોમાં બોલાવીને તેણે પોતાના ઘણા ઓળખીતાઓને પણ છોકરીઓ અને મહિલાઓ સાથે તેણે કહેવાતી મઝા કરાવી હોવાના આક્ષેપો થાય છે. અમેરિકાના હાલના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું નામ પણ આમાં બોલાય છે કે તેમણે પણ એપ્સ્ટેઇનના સ્થળે જઇને મઝા માણી હતી. જો કે આ આક્ષેપો અંગે હજી કોઇ ઠોસ પુરાવા જાહેર થયા નથી. પરંતુ ટ્રમ્પની રંગીન પ્રકૃતિ જોતા અને એપ્સ્ટેઇનને લગતા દસ્તાવેજો, જે એપ્સ્ટેઇન ફાઇલ્સ તરીકે જાણીતા બન્યા છે તેમના પર ઢાંકપિછોડો કરવામાં આવી રહ્યો હોવાનું જણાતા લોકોના મનમાં શંકાઓ જન્મે તે સ્વાભાવિક છે. અત્યાર સુધી આ દસ્તાવેજો જાહેર કરાતા ન હતા પણ ઘણો હોબાળો મચ્યા પછી અને અમેરિકી સંસદે કાયદો ઘડીને ફરજ પાડ્યા બાદ અમેરિકાના ન્યાય વિભાગે જેફ્રી એપ્સ્ટેઇન સંબંધિત દસ્તાવેજોનો પ્રારંભિક ભાગ જાહેર કર્યો છે.

કોંગ્રેસે શુક્રવાર સુધીમાં ફાઇલોને સંપૂર્ણ રીતે જાહેર કરવાનો આદેશ આપતો કાયદો પસાર કર્યા પછી, ફોટા, વિડિઓઝ અને તપાસ દસ્તાવેજો સહિતના દસ્તાવેજોની ખૂબ જ અપેક્ષા રાખવામાં આવી હતી.જો કે, ડેમોક્રેટ્સ અને કેટલાક રિપબ્લિકનોએ ન્યાય વિભાગ (DOJ) પર તેની કાનૂની જવાબદારીઓનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો હતો કારણ કે તેણે કહ્યું હતું કે તે સમયમર્યાદા સુધીમાં બધા દસ્તાવેજો જાહેર કરી શકશે નહીં. હજારો ફાઇલોમાં ઘણી વિગતો સાથે પણ મોટા પ્રમાણમાં છેડછાડ કરવામાં આવી છે. શુક્રવારે આ ફાઇલો મૂકાયા બાદ શનિવારે, DOJ વેબસાઇટ પરથી ઓછામાં ઓછી 13 ફાઇલો દૂર કરવામાં આવી હતી. ડેપ્યુટી એટર્ની જનરલ ટોડ બ્લેન્ચે પાછળથી કહ્યું કે તે પીડિતોની ગોપનીયતાનું રક્ષણ કરવા માટે કરવામાં આવ્યું હતું. ફાઇલોના પ્રથમ બેચમાં ઘણા પ્રખ્યાત ચહેરાઓનો સમાવેશ થાય છે, જેમાં ભૂતપૂર્વ અમેરિકી પ્રમુખઅ બિલ ક્લિન્ટન, એન્ડ્રુ માઉન્ટબેટન-વિન્ડસર અને સંગીતકારો મિક જેગર અને માઇકલ જેક્સનનો સમાવેશ થાય છે. જો કે ફાઇલોમાં માત્ર નામ અથવા ચિત્ર હોવું એ ખોટા કામનો સંકેત નથી. ફાઇલોમાં અથવા એપ્સ્ટેઇન સંબંધિત અગાઉના પ્રકાશનોમાં ઓળખાયેલા ઘણા લોકોએ કોઇપણ ખોટું કામ કરવાનો ઇનકાર કર્યો છે. પણ વાંધાજનક હાલતમાં દેખાયા હોય તે ખોટા કામનો સંકેત છે. જાહેર કરાયેલી ઘણી તસવીરોમાં બિલ ક્લિન્ટનનો સમાવેશ થાય છે. એક તસવીરમાં તેઓ પૂલમાં સ્વિમિંગ કરતા દેખાય છે, અને બીજી તસવીરમાં તેઓ હોટ ટબમાં માથા પાછળ હાથ રાખીને પીઠ પર સૂતા બતાવે છે. પહેલા જથ્થામાં જો કે ટ્રમ્પના બહુ ઓછા અને સાદા ફોટાઓ જ છે. આના પછી જસ્ટિસ ડીપાર્ટમેન્ટે મંગળવારે 30000 નવી ફાઇલો જારી કરી છે જેમાં એવી વિગતો છે કે ટ્રમ્પે ૧૯૯૩થી ૯૬ વચ્ચે એપ્સ્ટેઇનના વિમાનમાં આઠ મુસાફરીઓ કરી હતી. આ થોડું વિવાદાસ્પદ બની શકે છે અને હજી મોટા ધડાકા થઇ શકે છે.

ગુમ થયેલી ફાઇલો, જે શુક્રવારે ઉપલબ્ધ હતી અને શનિવાર સુધીમાં હવે ઉપલબ્ધ ન હતી, તેમાં નગ્ન મહિલાઓને દર્શાવતા ચિત્રોની છબીઓ અને એકમાં ક્રેડેન્ઝા સાથે અને ડ્રોઅરમાં શ્રેણીબદ્ધ ફોટોગ્રાફ્સ દર્શાવવામાં આવ્યા હતા. તે છબીમાં, ડ્રોઅરની અંદર, અન્ય ફોટાઓ વચ્ચે, ટ્રમ્પનો એપ્સ્ટેઇન, મેલાનિયા ટ્રમ્પ અને એપ્સ્ટેઇનના લાંબા સમયથી સહયોગી ઘિસ્લેન મેક્સવેલ સાથેનો ફોટોગ્રાફ હતો. ઓનલાઇન ખુલાસા વિના ગુમ થયેલી ફાઇલોએ શું દૂર કરવામાં આવ્યું હતું અને જાહેર જનતાને શા માટે જાણ કરવામાં આવી ન હતી તે અંગે અટકળોને વેગ આપ્યો, થી એપ્સ્ટેઇન અને તેમની આસપાસના શક્તિશાળી વ્યક્તિઓ વિશે લાંબા સમયથી ચાલી આવતી ઉત્સુકતામાં વધારો થયો. જો કે બાદમાં આ ફાઇલો પીડિતોની ગોપનીયતાના કારણે ખસેડી લેવાઇ હોવાનો ખુલાસો કરાયો અને મંગળવારે વધુ 30000 ફાઇલો જાહેર કરાઇ. પરંતુ આ એપિસોડે ન્યાય વિભાગના બહુપ્રતિક્ષિત દસ્તાવેજ પ્રકાશનથી પહેલેથી જ ઉદ્ભવેલી ચિંતાઓને વધુ તીવ્ર બનાવી દીધી છે. હજારો પાના જાહેર કરવામાં આવ્યા હતા, પરંતુ તેમાં પીડિતો સાથે FBI ઇન્ટરવ્યુ અને ચાર્જિંગ નિર્ણયો પર આંતરિક ન્યાય વિભાગના મેમો સહિત કેટલીક સૌથી નજીકથી જોવાયેલી સામગ્રીને બાકાત રાખવામાં આવી હતી એમ કહેવાય છે. ઢાંકપિછોડો થતો દેખાઇ રહ્યો છે, પરંતુ અમેરિકાની જાગૃત જનતા એ ચલાવી લેશે નહીં. જો ખરેખર ટ્રમ્પની કંઇક ગુનાઓમાં સંડોવણી હશે તો વોટરગેટ જાસૂસી કૌભાંડમાં જેમ અમેરિકી પ્રમુખપદેથી ૧૯૭૪માં રિચાર્ડ નિક્સને રાજીનામુ આપવું પડ્યું હતું તેમ હવે ડોનાલ્ડ ટ્રમ્પને પણ રાજીનામુ આપવું પડી શકે છે.

તરત એક્શન લો

એક સેમીનાર હતો. જીવનમાં બદલાવ કઈ રીતે લાવવો અને જલ્દીથી આગળ કઈ રીતે વધવું તે વિષય પર સ્પીકર બોલી રહ્યા હતા. અચાનક બોલતા બોલતા સ્પીકરે કહ્યું, 'આ મારા હાથમાં મારું વોલેટ છે અને તેમાં જેટલા પણ પૈસા છે તે હું આજે એક જણને આપી દેવા માંગું છું બોલો તમારામાંથી આ મારું વોલેટ કોને જોઈએ છે?'

આ સવાલ સાંભળીને શ્રોતાજનોમાં પહેલા સોપો પડી ગયો, પછી લાગ્યું કે નક્કી કોઈ ગેમ હશે. આવું સ્પીકરે ફરીથી કહ્યું; આ મારું વોલેટ કોને જોઈએ છે?

હવે ઘણા શ્રોતાજનોએ પોતાની સીટ પર બેઠા બેઠા હાથ ઊંચા કર્યા... ઘણા શ્રોતાજનો હજી અસમંજસમાં હતા કે હાથ ઊંચા કરવા કે નહિ અને ઘણાએ એમ વિચારીને હાથ ઊંચા કરવાને બદલે અદબ વાળી રાખી કે એમ ન લાગે કે અમે મફતનું મેળવવામાં રાજી છીએ. આમ સવાલ એક હતો અને પૂછાયા બાદની બે ઘડીમાં બધાના મનોભાવ જુદા જુદા હતા.

સ્ટેજ પરથી સ્પીકરે ત્રીજીવાર કહ્યું, 'આ મારું વોલેટ જે પૈસાથી ભરેલું છે તે કોને જોઈએ છે?' શ્રોતાઓમાંથી અવાજ આવ્યા મને... મને પણ અચાનક એક છોકરી પાછળથી બધા શ્રોતાજનોની વચ્ચેથી દોડીને આવી અને તેણે સ્ટેજ પર ચઢીને દોડીને સ્પીકરના હાથમાંથી વોલેટ લઇ લીધું. સ્પીકર પણ જોતા રહ્યા અને બધા શ્રોતાજનો પણ..

અમુક લોકોએ તાળીઓ પાડી. ઘણાને લાગ્યું સ્ટંટ નક્કી જ હશે... ઘણાને લાગ્યું સાવ બેશરમ છે આ છોકરી...

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

હવે સ્પીકર બોલ્યા, 'શાબાશ, આ વોલેટના બધા પૈસા તારા... તે બધાને શીખવ્યું છે કે જીવનમાં કંઈક મેળવવું હોય તો શું કરવું જોઈએ.' યુવતી બોલી, 'મેં શું શીખવ્યું, મારે તો તમારું વોલેટ જોઈતું હતું એટલે મેં કોઈ આવે તે પહેલા દોડીને આવીને લઇ લીધું.'

સ્પીકર બોલ્યા, 'તે આ જ શીખવ્યું છે. જેમ તે વોલેટ મેળવ્યું તે રીતે જ જીવનમાં જે જોઈએ તે મળે.. સફળતા આ જ રીતે મળે. શ્રોતાજનો જુઓ જીવનમાં સફળ થવું હોય તો સૌથી પહેલા મારે સફળતા મેળવવી છે તે ભૂખ જોઈએ... ઈચ્છા જોઈએ, બીજા કરતા જલ્દી આગળ વધવું હોય તો તરત તક ઝડપી લેવાની ચપળતા જોઈએ. કૈક મજાક હશે, મશ્કરી થશે તો.. લોકો વાતો કરશે તો એવી કોઈ શરમજનક પરિસ્થિતિમાં મુકાવાનો ડર ન હોવો જોઈએ.અને સૌથી મોટી વાત જેમ આ છોકરી છેક પાછળ હતી પણ ઉભી થઈને દોડીને અહીં આવી એમ તરત જ એક્શન લેવાની તાકાત હોવી જોઈએ.તક દેખાય તો તરત એક્શન લો... તો સફળતા ચોક્કસ મળશે. તક છે? સાચે છે? કોઈ વાતો તો નહિ કરે? મારે આ લેવાય? એવું બધું વિચારતા રહેશો તો વિચાર કરતા જ રહી જશો અને તક સરી જશે કોઈ તરત એક્શન લેનાર તેને ઝડપી લેશે. જીવનમાં સફળ થવું હોય તો તરત એક્શન લેતા શીખો.' સ્પીકરે એકદમ પ્રેક્ટીકલ સમજ આપી.

શું ભારતે ખાનગી ક્ષેત્ર માટે ન્યૂક્લીયર એનર્જીના દરવાજા ખોલી દીધા?

સંસદે શાંતિ બિલ નામનો એક નવો અણુ ઊર્જા કાયદો પસાર કર્યો છે. 'સસ્ટેનેબલ હાર્નેસિંગ એન્ડ એડવાન્સમેન્ટ ઓફ ન્યુક્લિયર એનર્જી ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા' નામ ધરાવતો આ કાયદો, પરમાણુ ઊર્જા ક્ષેત્ર, જે અગાઉ સરકારી સંસ્થાઓનું વિશિષ્ટ ક્ષેત્ર હતું, તેને ખાનગી ખેલાડીઓ માટે દરવાજા ખોલે છે.

વિપક્ષી સાંસદોએ વિનંતી કરી હતી કે સંસદીય સ્થાયી સમિતિ બિલની તપાસ કરે. પરંતુ સરકારે શિયાળુ સત્રના છેલ્લા બે દિવસમાં તેને પસાર કરવા માટે દબાણ કર્યું, જેમાં ચર્ચા 11 કલાક ચાલી અને 64 સાંસદોએ ભાગ લીધો.

હાલમાં, સરકારી માલિકીની ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (NPCIL) 24 પરમાણુ રિએક્ટર ચલાવે છે, જેની કુલ ક્ષમતા 8,180 મેગાવોટ વીજળી છે. જોકે, 2024-25માં ભારતમાં ઉત્પન્ન થયેલી વીજળીમાં પરમાણુ ઊર્જાનો ફાળો માત્ર 3 ટકા રહ્યો છે.

સરકારે 2047 સુધીમાં 100 GW પરમાણુ ક્ષમતા સ્થાપિત કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે, જેમાં 2033 સુધીમાં ઓછામાં ઓછા પાંચ સ્વદેશી નાના મોડ્યુલર રિએક્ટરનો સમાવેશ થાય છે.

SHANTI બિલ નાગરિક પરમાણુ સુવિધાઓ કાયદેસર રીતે કોણ બનાવી શકે છે અને ચલાવી શકે છે તે બદલવાનો પ્રસ્તાવ મૂકે છે. કેન્દ્રને સરકારી સંસ્થાઓ, સંયુક્ત સાહસો અને 'કોઈપણ અન્ય કંપની'ને (શરતોને આધીન) લાઇસન્સ દ્વારા પરમાણુ ઊર્જા પ્રવૃત્તિઓને મંજૂરી આપવાની મંજૂરી આપીને, શાંતિ સૂચવે છે કે ઓપરેટરોનો નવો વર્ગ વિદેશી પ્લાન્ટ માલિકો નહીં પણ સ્થાનિક ખાનગી મૂડી છે.

ભારત તેના 100 GW લક્ષ્યને પૂર્ણ કરવામાં સક્ષમ હોવાથી ખરેખર મોટી મૂડી એકત્રીકરણની જરૂર પડશે, અને લાઇસન્સ પ્રાપ્ત બિન-સરકારી સંસ્થાઓને મંજૂરી આપવાથી બાંધકામ જોખમ શેર કરી શકે તેવી સંસ્થાઓના રોસ્ટરનો વિસ્તાર થાય છે.

ફિંગર પ્રિન્ટ
શેખર ઐયર

ઊર્જા સુરક્ષાના દૃષ્ટિકોણથી, શાંતિ બિલ ભારતના સૌથી મહત્વપૂર્ણ પડકારોમાંથી એકને સંબોધે છે: વિશ્વસનીય બેઝલોડ પાવરની જરૂરિયાત. સૌર અને પવન ઊર્જાથી વિપરીત, પરમાણુ ઊર્જા લઘુત્તમ જમીન ઉપયોગ અને શૂન્ય કાર્યરત કાર્બન ઉત્સર્જન સાથે સતત વીજળી ઉત્પાદન પૂરું પાડે છે

SHANTI સૌથી સંવેદનશીલ ઇંધણ ચક્રને સરકારના નિયંત્રણમાં રાખવાનો પણ પ્રયાસ કરે છે. પરંતુ પ્લાન્ટ ડિલિવરી અને સપ્લાય ચેઇનના ભાગોમાં ખાનગી ભાગીદારી માટેની જોગવાઈ છે.

જોકે, બિલની જવાબદારી અને શાસન જોગવાઈઓ સાવધાની રાખવાની જરૂર જણાવે છે. કોઈપણ પરમાણુ ઘટના માટે ઓપરેટરની મહત્તમ જવાબદારી રૂ. 3,000 કરોડ છે. કેન્દ્ર ઓપરેટરની મર્યાદાથી વધુ પરમાણુ નુકસાન માટે જવાબદાર છે અને જો જાહેર હિતમાં હોય તો બિન-સરકારી સ્થાપન માટે સંપૂર્ણ જવાબદારી પણ સ્વીકારી શકે છે. આ પસંદગીઓ રોકાણ જોખમને કિંમત નક્કી કરવાનું સરળ બનાવે છે પરંતુ તે પણ પૂછે છે કે મર્યાદિત ઓપરેટર રકમ પીડિતો અને પર્યાવરણીય સુધાર માટે પૂરતી છે કે કેમ. બીજું, SHANTI ઓપરેટરોને વીમા અથવા અન્ય નાણાકીય સુરક્ષા જાળવવાની જરૂર છે, પરંતુ કેન્દ્રના પરમાણુ સ્થાપનોને મુક્તિ આપે છે, જે સ્પષ્ટ જાહેર હિસાબને ખૂબ જ મહત્વપૂર્ણ બનાવે છે.

તે ઓપરેટર આશ્રયને ફક્ત ત્યારે જ મંજૂરી આપે છે જ્યારે લેખિત કરારમાં સ્પષ્ટ રીતે તેની જોગવાઈ કરવામાં આવે અથવા જ્યારે કોઈ ઘટના પરમાણુ નુકસાન પહોંચાડવાના હેતુથી કોઈ કૃત્ય દ્વારા અથવા ભૂલને કારણે હોય. આ સપ્લાયરની જવાબદારી મોટાભાગે ઓપરેટર કરાર દ્વારા શું સુરક્ષિત કરે છે તેના પર આધાર રાખે છે, જેનો અર્થ છે કે સપ્લાયર્સ સામે ઓપરેટર કેટલો આશ્રય ધરાવે છે તે પ્રોજેક્ટ્સમાં બદલાઈ શકે છે. છેલ્લે, ભારતના પરમાણુ શાસનને તેના નિયમનકારની સ્વતંત્રતા પર ધ્યાન આપવાની જરૂર છે.

શાંતિ એક વૈધાનિક માળખું બનાવે છે, પરંતુ તે નિમણૂકોમાં પણ નોંધપાત્ર પ્રભાવ પાડે છે.

ઊર્જા સુરક્ષાના દૃષ્ટિકોણથી, શાંતિ બિલ ભારતના સૌથી મહત્વપૂર્ણ પડકારોમાંથી એકને સંબોધે છેઃ વિશ્વસનીય બેઝલોડ પાવરની જરૂરિયાત. સૌર અને પવન ઊર્જાથી વિપરીત, પરમાણુ ઊર્જા લઘુત્તમ જમીન ઉપયોગ અને શૂન્ય કાર્યરત કાર્બન ઉત્સર્જન સાથે સતત વીજળી ઉત્પાદન પૂરું પાડે છે.

જેમ જેમ ભારત તેના ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ઇલેક્ટ્રિક ગતિશીલતા, ડેટા સેન્ટરો અને એડવાન્સ ઉત્પાદનનો વિસ્તાર કરશે, તેમ તેમ સ્થિર વીજળીની માગ વધુ તીવ્ર બનશે.

શાંતિ માળખા દ્વારા સક્ષમ પરમાણુ ઊર્જા, નવીનીકરણીય ઊર્જાને પૂરક બનાવી શકે છે અને અશ્મિભૂત ઇંધણ, ખાસ કરીને કોલસા પર નિર્ભરતા ઘટાડી શકે છે, જે ભારતના ઊર્જા મિશ્રણ પર પ્રભુત્વ ધરાવે છે.

બિલ આગામી પેઢીના પરમાણુ તકનીકોના ઝડપી જમાવટ માટે પરિસ્થિતિઓ પણ બનાવે છે. સ્મોલ મોડ્યુલર રિએક્ટર (SMR), અદ્યતન ભારે પાણીના રિએક્ટર અને થોરિયમ-આધારિત સિસ્ટમો, એવા ક્ષેત્રો જ્યાં ભારતમાં અનન્ય કુશળતા છે તે હવે ખાનગી ક્ષેત્રની ભાગીદારી સાથે વધુ સારી રીતે વિકસાવવામાં આવી શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

વૃદ્ધાવસ્થા પ્રકૃતિ આધિન છે પણ પાછલી ઉંમરે આનંદિતતા વ્યકિત આધારિત છે

કોઈ વ્યક્તિની પાછલી જિંદગી કેવી જશે એ વિશે અગાઉથી આગાહી કરી શકાય એવું નથી! એ જીવન શાંતિપૂર્ણ અને નિરોગી પણ હોઈ શકે છે તો વિપરીત, એકાંગી, નીરસ, ભારરૂપ અને પીડાકારી પણ સંભવી શકે છે. દીકરા-દીકરીઓ, વહુઓ અને સગાં સંબંધી હોવા છતા ઘરના એક ખુણે કે વૃદ્ધાશ્રમમાં એકલવાયું અને ઉપેક્ષાભર્યું જીવન વિતાવવું પડતું હોય એવું શક્ય છે, તો બીજી બાજુ દીકરા-દીકરીઓ, વહુઓ ને મિત્રો, સગા-સંબંધીઓ તરફથી એટલો પ્રેમ, આદર અને હુંફભર્યો સદ્ભાવ મળી શકે છે કે નિવૃત્તિનો છેલ્લો સમય સુખપૂર્ણ, શાંતિભર્યો અને જીવનના શિખર પર પહોંચ્યા પછીની ધન્યતાથી ભરેલો પણ હોઈ શકે છે. ઘડપણ ક્યારેક પ્રભુના આશીર્વાદ જેવું તો ક્યારેક રીતસરનો અભિશાપ હોય એવું પણ વીતી શકે છે. જિંદગીના છેલ્લા શ્વાસ ક્યારે પૂરાં થાય તેની ક્યારેક રાહ પણ જોવાતી હોય છે. તો એનાથી ઉલટું થોડુંક વધુ જીવવાનું મળી જાય તો કેવું સારું..! એવી અભિપ્સા પણ માણસના મનમાં જાગતી હોય છે.

વૃદ્ધાવસ્થા એ સામાજિક દૃષ્ટિએ નિવૃત્તિ અને આરામની ઉંમર ગણાય છે, પણ આજકાલ એક યા બે સંતાન હોય એવા માબાપને ભાગ્યે જ નિવૃત્તિ કે આરામ મળી શકે છે. એક જ દીકરી હોય તો દીકરી લગ્ન પછી પોતાનાં પરિવાર સાથે દૂર અને ક્યારેક વિદેશમાં હોય છે. દીકરાને અભ્યાસ પૂરો થયા પછી પોતાનાં જ શહેર કે ગામમાં નોકરી મળે એવું નક્કી નથી. મા-બાપને આરામ આપવાની ઈચ્છા હોવા છતાં દીકરાને નોકરીમાં સેટ કરવા નાનકડું ભાડાનું મકાન લઈ એકલા કે પત્ની સાથે રહેવું પડે છે. ક્યારેક માબાપ દીકરાને ચિંતામાં મુકવા માગતા નથી હોતા. આથી કુટુંબમાં જુવાન દીકરો-વહુ હોવા છતાં વતનમાં પોતાનું ઘર સંભાળવા એકલા જ રહે છે. આથી કરી પાછલી જિંદગીમાં પણ ઘર ચલાવવા માટેની ચિંતામાંથી મુક્તિ મળતી નથી. ઘણીવાર અભ્યાસ માટે પણ દીકરા-દીકરીને માબાપથી દૂર રહેવું પડે છે અને એ પછી નોકરી મળતાં કે લગ્ન પછી ઊભા થયેલા સંજોગોના કારણે માબાપથી અલગ રહેવું પડે છે.

ઈચ્છવા છતા પોતાને સંતાન ન હોય એવી સ્થિતિમાં જિંદગીભર હૂંફ કે સહારા વિનાનું જીવન વિતાવતા દંપતી પણ આપણી આસપાસ છે. જો કે સમજદાર દંપતીએ આવી સ્થિતિમાં આગળથી જ એવું આયોજન કરવું રહ્યું કે, પાછલી જિંદગીમાં આર્થિક ભીસ ઊભી ન થાય. પાછલી જિંદગીમાં કોઈની સામે હાથ લંબાવવો ન પડે એ રીતે પહેલેથી જ પેન્શન, વ્યાજ કે ભાડાની રકમ મળ્યા કરે એવી વ્યવસ્થા ગોઠવવી. એક બે સંતાન હોય તો પણ પાછલી ઉમરમાં એમને કોઈ ચિંતા કરવી ન પડે એ રીતે પોતાની જરૂરિયાત મુજબ સારવાર, તીર્થયાત્રા કે ગમતી પ્રવૃતિ કરી શકાય એવું આયોજન કેટલાક સમજદાર દંપતી કરી લેતા હોય છે.

પરિવારની દરેક પુખ્ત વ્યક્તિએ પોતપોતાનો વ્યવસાય કે નોકરી ધંધો કરવો પડતો હોય એવા કુટુંબમાં વડીલોનું કામ જિંદગીભર છૂટતું નથી. દીકરો અને વહુ બંને નોકરી ધંધા પર જતા હોય તો ઘરમાં રહેતા માબાપ કે વડીલોએ થોડું ઘણું કામ કરવું જ પડે છે. પૌત્ર-પૌત્રાદીને સાચવવા પડે છે. અભ્યાસ પૂરો તથા દીકરીઓ પણ સર્વિસ કરતી જ હોય છે અને લગ્ન સુધીની કે લગ્ન પછી પણ નોકરી ચાલુ રાખતી હોવાથી માબાપને છેક વૃદ્ધાવસ્થા સુધી ઘરકામમાં મદદ કરવી પડે છે.

વૃદ્ધાવસ્થામાં પતિ-પત્નીમાંથી કોઈ એક શરીર છોડીને ચાલ્યું જાય તો પાછળ બચેલી વ્યક્તિએ સંતાનો, વહુઓ કે સગાં-સબંધીઓ સાથે જિંદગી વિતાવવી ભારે પડી શકે છે. છોકરા-છોકરીઓને ભણાવ્યા હોય, લગ્ન કરી આપ્યાં હોય અને છેલ્લે હવે પોતાને સહારાની જરૂર હોય ત્યારે વારાફરતે સંતાનોને ત્યાં થોડો થોડો સમય વીતાવતા કે, પોતે બોજરૂપ બની ગયેલ છે એવું અનુભવતા માબાપની પાછલી જિંદગી એવી વ્યથા ભરી હોય છે કે નિકટતાની પળોમાં એમની મુંઝવણ અને વ્યથા સાંભળીએ તો જ ખ્યાલ આવે.

પોતાની પાછલી જિંદગી રોગ-રહિત અને આત્મનિર્ભર હોય તો સારું. બાકી અચાનક કોઈ બીમારી આવે, અકસ્માતે હાડકા ભાંગે, પરાધીન થઈને જીવવું પડે ત્યારે વ્યક્તિગત પીડા અસહ્ય છે. આજના જમાનામાં સંતાનો પાસે પણ સમય નથી. પોતાની જ જિંદગીમાં એ એટલા બધાં અટવાયેલા હોય છે કે માબાપ પાસે ઈચ્છે તો પણ રહી ન શકે, સારવાર કરવી હોય તો પણ કરી ન શકે અને કેટલાક કિસ્સાઓમાં સંતાનો સારી સ્થિતિમાં હોય તો સારવાર અને બીજી જરૂરત માટે આર્થિક વ્યવસ્થા કરી માબાપ માટે સમય કે એમના છેલ્લાં સમયમાં હુંફ આપવાની, સ-વિશેષ માબાપે એમના માટે જે કંઈ પણ કર્યું એ બધું જ ભૂલી જાય છે. નવા સમયે એ હકીક્ત બને છે કે યુવકો પોતે માબાપ માટે કશુંક કરી રહ્યા છે વાત તે કંટાળાજનક અને સમયની બરબાદી લાગે છે.

બદલાતા સામાજીક સંબંધો વચ્ચે હવે વૃદ્ધ થતા મા-બાપ એ પોતાના વર્તનમાં અત્યારથી સુધાર લાવવો પડશે. વલવલિયા કે ભાર રાખીને જીવતા વડીલો કોઈનોય પ્રેમ મેળવી શક્તા નથી. તેમ જીભના ચટાકા જાળવી રાખનાર વૃદ્ધો પણ પોતાના શરીરથી જ હારી જાય છે. આથી પ્રથમથી જ ખાવા-પીવામાં, જીવનવ્યવહારમાં સંતુલન રાખવું જોઈએ. પૂરતી ઊંઘ મળે, સાચી ભૂખ લાગે તે માટે માણસે રોજ થોડો વ્યાયામ, ચાલવાની ટેવ પાડવી જોઈએ.

ધ્યાન રહે પોઝિટિવ થિંકિંગ અને આધ્યાત્મિક અભિગમ જીવનનો આધાર બની રહે છે. કટોકટીની પળોમાં વ્યક્તિ ભાંગી પડતી નથી. છેક સુધી એ સ્વસ્થ-નીરોગી અને આનંદભર્યું જીવન જીવી, પાછળ થોડી સુવાસ છોડીને વિદાય થાય છે. નકારત્મક વલણ રાખીને જીવતા, સબંધો બાંધી કે સાચવી ન શક્તા, છેક સુધી સંતાનોને વારસો કે વ્યવહાર પ્રેમે ન સોપનાર વડીલો લાચાર સ્થિતિમાં મુકાય છે ત્યારે તેમની માટે તો જીવનનો પાછલો સમય દોઝખ જેવો બની જાય છે. રાતભર ઊંઘ ન આવે, શ્વાસ ચડે, 'ખોં.. ખોં..'' કરવું પડે. પોતે જ પોતાના પીડાભર્યા સમયને મને-કમને પૂરો કરવો પડે છે.

મિત્રો આજે પોષક આહાર, સાધન સુવિધા શરીર સારવાર ને દવાઓના કારણે ભારતમાં વડીલનું સરેરાશ આયુષ્ય ૭૦-૭૨ વર્ષનું થયું છે પણ સાથોસાથ ઘડપણ વસમું, એકલવાયું અને બોજારૂપ બનતું જાય છે. સમાજમાં અને આખા વિશ્વમાં વૃદ્ધોની સમસ્યા વધતી જાય છે. અનેક નવા નવા વૃદ્ધાશ્રમો ખૂલતા હોવા છતાં પ્રવેશ મેળવવા લાઈનમાં ઊભા રહેવું પડે છે!

યાદ રહે જીવન સંધ્યાના અંતિમ પડાવે જ્યારે શરીર અને સબંધો જીર્ણ થઈ જાય છે ત્યારે વિવેકી માણસોએ ૫૦ વર્ષ વટાવતાની સાથે જ જીવનનાં અંતિમ ૩૦-૪૦ વર્ષનું આયોજન કરવું જોઈએ. સ્વસ્થ શરીર અને સાદગીભર્યા આરોગ્યપ્રદ જીવન પૂરતી આર્થિક સગવડ વ્યક્તિનો છેલ્લો સહારો બને છે. પ્રેમાળ સ્વભાવ અને ઈશ્વર ચિંતનથી માણસ સતત હકારાત્મક રહે છે. મનુષ્ય ઉર્જાનું ઐશ્વર્યમાં પરિવર્તન અહીંથી જ આકાર લે છે તે ન ભૂલવું. ઈશ્વરે આવતીકાલની બાંહેધરી કોઈને પણ આપતો નથી, ત્યારે નૂતનવર્ષે સંકલ્પ કરીયે કે સ્વસ્થતાથી વર્તમાનમાં જ જીવીશું.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

અવારનવાર
ડો.નાનક ભટ્ટ

ધ્યાન રહે પોઝિટિવ થિંકિંગ અને આધ્યાત્મિક અભિગમ જીવનનો આધાર બની રહે છે. કટોકટીની પળોમાં વ્યક્તિ ભાંગી પડતી નથી. છેક સુધી એ સ્વસ્થ-નીરોગી અને આનંદભર્યું જીવન જીવી, પાછળ થોડી સુવાસ છોડીને વિદાય થાય છે

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

ખાદ્ય સલામતી કાયદાનો અમલ

આપણા શહેરમાં અને આખા ગુજરાતમાં ઘણી વખત ખાદ્ય સામગ્રીમાં માફ ન કરી શકાય તેવી ભેળસેળના અનેક કિસ્સાઓ સાબિત થયા છે અને કાયદાની કચેરીમાં તેનો ન્યાય તોળાય છે, ત્યારે તેના ગુન્હાને કારણે જાહેર જનતાના આરોગ્યને થતા નુકશાનને ઠંડે કલેજે ઉપેક્ષિત કરી ધ્યાનમાં લેવાતું જ નથી અને તેવા ગુન્હેગારોને માત્ર તેણે કમાયેલી ખોટી કમાણીના ગેરકાયદેસરના નફામાં થોડું નુકશાન જ થાય તેમ દંડ અથવા એક કિસ્સામાં થયેલ કોર્ટ ઉઠતા સુધીની સજા એવા હાસ્યાસ્પદ ચુકાદાઓ વાંચવામાં આવે છે. ખાદ્ય સલામતીના કાયદાના અમલ પર પલાસાણાની લો કોલેજમાં ફરજ બજાવતા એક બહેનશ્રીએ પી.એચ.ડીની પદવી પ્રાપ્ત કરી છે તેવા સમાચાર તા.૯ ૧૨ ૨૦૧૫નાં ગુજરાત મિત્રમાં છપાયા છે. ત્યારે મને એક વિચાર આવ્યો કે આ બહેનેનું અવલોકન અને સમાજ પ્રત્યેની તેમની સંવેદના કેટલી તીવ્ર હશે.? આપણા દેશમાં વાતો ફક્ત કાગળ પર જ સારી લાગે આવા પરીપ્રેક્ષમાં એક કોલેજના યુવાન કર્મચારી બહેન આવો વિષય પસંદ કરી તેના પર યોગ્ય સંશોધન કરે એમના લખાણનો અભ્યાસ કરવા માટે રાજ્ય અને દક્ષિણ ગુજરાતનાં શાસકોને તાલાવેલી થવી જોઈએ. તેઓ ક્યાં ચુકી ગયા છે તે જાણી પ્રજાને શુદ્ધ ખાદ્ય સામગ્રી મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. કદાચ ફક્ત આશા અને અપેક્ષા જ રહી જઈ શકે

નાનપુરા, સુરત - રાજેન્દ્ર કર્ણિક

પર્યાવરણની જાળવણી

એક મિત્ર સાથે "ચર્ચા" કરતા સંઘ (આરએસએસ) એના સો વર્ષની ઉજવણી રુપે ઘેર-ઘેર મળવા જઈ પોતાના સંગઠનની વાતો સાથે રાષ્ટ્ર કહો કે સમાજને માટે પાંચ પરિવર્તન ના મુદ્દા વિવિધ સમસ્યાનાં ઉકેલ માટે જણાવે છે. જેમાંના બે મુદ્દા મને વધારે ગમ્યા. એક તો છે "પર્યાવરણ સંરક્ષણ". દાયકાઓ અગાઉ એક ચર્ચાપત્રમાં લખેલુ